## કૃષિ સંશોધન કેન્દ્ર, આકૃયુ, અરણેજ ખાતે "દેશી કપાસની વૈજ્ઞાનિક ખેતી પધ્ધતિ" વિષય ઉપર તાલીમ કાર્યક્રમનું આયોજન

કૃષિ સંશોધન કેન્દ્ર આકૃયુ, અરણેજ દ્વારા "સ્ટ્રેન્ધનીંગ ઓફ ટ્રાન્સફર ઓફ ટેકનોલોજી સેન્ટર" યોજના અંતર્ગત " **દેશી કપાસની વૈજ્ઞાનિક ખેતી પધ્ધતિ**" વિષય પર એક દિવસીય ખેડૂત તાલીમ તા. ૨૮/૬/૨૦૧૭ ના રોજ કૃષિ સંશોધન કેન્દ્ર આકૃયુ, અરણેજ ખાતે યોજાઈ ગઈ. આ તાલીમમાં ધોળકા તાલુકાના વેજલકા, જાખડા, વારણા, ગુંદી, કેસરગઢ, કમિયાળા, નાની બોરુ, મોટી બોરુ, જવારજ, લક્ષ્મીપુરા તેમજ અરણેજ ગામના કુલ ૫૦ જેટલા ખેડૂતોએ ઉત્સાહભેર ભાગ લીધો. આ તાલીમમાં શ્રી. એચ. બી પટેલ, શ્રી એન. આર. બુંબડિયા, શ્રી એસ. બી. વિંઝુડા, શ્રી પી.આર. ચૌધરી, શ્રી આર. કે. પટેલ હાજર રહ્યા હતા. શ્રી. એચ. બી પટેલ, મદદનીશ સંશોધન વૈજ્ઞાનિકએ કપાસની જાતો અને તેની લાક્ષણીકતાઓ વિષે માહિતી આપી. શ્રી એન. આર. બુંબડિયા, મદદનીશ સંશોધન વૈજ્ઞાનિકએ કપાસના પાકમાં જમીન અને ખાતર વ્યવસ્થાપનની માહિતી આપી, વધુમાં શ્રી પી.આર. ચૌધરી, સીનિયર રીસર્ચ આસિસ્ટન્ટ દ્વારા ગુજરાત આણંદ દેશી કપાસ-૨ (જીએડીસી-૨)ની વૈજ્ઞાનિક ખેત પધ્ધતિની માહિતી આપી હતી. શ્રી એસ. બી. વિંઝુડા, સીનિયર રીસર્ચ આસિસ્ટન્ટ દ્વારા કપાસના પાકમાં યાંત્રિકરણ વિષે માહિતી રજુ કરી. તેમજ શ્રી આર. કે. પટેલ, સંશોધન સહાયકએ કપાસની સજીવ ખેતી પધ્ધતિ અને નાડેપ કમ્પોસ્ટ બનાવવાનું માર્ગદર્શન આપ્યું હતું

ખેડૂત તાલીમ દરમ્યાન "સ્ટ્રેન્ધનીંગ ઓફ એડેપ્ટીવ રીસર્ચ ઈન ઓલ એગ્રો કલાઈમેટિક ઝોન ઓફ એએયુ" યોજના અંતર્ગત પ્રથમ હરોળ નિદર્શન ગોઠવવા માટે દરેક ખેડૂતને **ગુજરાત આણંદ દેશી કપાસ-૨ (જીએડીસી-૨)** બિયારણનું વિતરણ કરવામાં આવ્યુ હતું સમગ્ર કાર્યક્રમને સફળ બનાવવા શ્રી. એચ. બી પટેલ, શ્રી એન. આર. બુંબડિયા, શ્રી એસ. બી. વિંઝુડા, શ્રી પી.આર. ચૌધરી અને શ્રી આર. કે. પટેલ, કૃષિ સંશોધન કેન્દ્ર આકૃયુ, અરણેજ તેમજ કેન્દ્રના સર્વે કર્મચારીઓએ ભારે જહેમત ઉઠાવી હતી. ખેડૂત તાલીમનું સંચાલન શ્રી પી.આર. ચૌધરી સિનિયર રીસર્ચ આસિસ્ટન્ટએ કરેલ હતું. ખેડૂત તાલીમ અંગેનું માર્ગદર્શન કેન્દ્રના વડા ર્ડા. ડી. બી. સિસોદીયા, સહ સંશોધન વૈજ્ઞાનિકએ આપ્યું હતું અંતમાં ઉપસ્થિત ખેડૂતોનો આભારમાની કાર્યક્રમ પૂર્ણ કરવામાં આવ્યો હતો

# ખેડૂત તાલીમ


કૃષિ સંશોધન કેન્દ્ર
અરણેજ
આણંદ કૃષિ યુનિવર્સિટી
તાલીમ
કપાસની વૈજ્ઞાનિક
ખેતી પધ્ધતિ






કૃષિ સંશોધન કેન્દ્ર, અરણેજ


સંશોધન કેન્દ્ર, અરણેજ



# કીટ વિતરણ











